## શ્રી આહિર સેવા સમાજ - મુંબઈ



# સમાજ દર્શન

## પ્રથમ વસતીપત્રક-૧૯૯૬


ચંદ્રવંશી શ્રીકૃષ્ણ વંશવૃક્ષ

સર્વમ્ સ્વાગતમ્ – સ્વાગતમ્ સર્વદા

સ્થાપના : ૧૯૬૪

શ્રી આહિર સેવા સમાજ મુંબઈનું

પ્રથમ વસતીપત્રક

# સમાજ દર્શન – ૧૯૯૬

**માહિતી સંકલન : ૧૯૯૪–૯૬**

વિમોચન સમારંભ: તા.૫–૯–૧૯૯૬ સંવત ૨૦૫૨ જન્માષ્ટમી ગુરૂવાર

**સમારંભ પ્રમુખ :**

શ્રી વાલજીભાઈ જે. પરડવા, મુંબઈ

**વસતીપત્રકના વિમોચક અને મુખ્ય મહેમાન :**

શ્રી સરમણભાઈ રાણાભાઈ મારૂ, જુનાગઢ

પ્રમુખ, આહિર સમાજ ગુજરાત સંકલન સમિતિ

**અતિથિ વિશેષ :**

શ્રી અરજણભાઈ સધાભાઈ કાનગડ, ગાંધીધામ

પ્રમુખ – કચ્છ જિલ્લા યાદવ સેના

**પ્રકાશક : શ્રી આહિર સેવા સમાજ – મુંબઈ**

કાર્યાલય અને પત્રવ્યવહારનું સરનામું :

C/o. માલદેવભાઈ કે. બાની

૨૧, ઈલા એપાર્ટમેન્ટ, બીજે માળે, ૧૦મો રસ્તો, જુહુ સ્કીમ, યુકો બેન્કની પાછળ,

વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૪૯. ફોન : ૬૨૦ ૫૦ ૨૪, ૮૫૦ ૯૦ ૮૯

સુચીત આહિર ભવનનું સરનામું :

શ્રી આહિર ભવન પ્લોટ, લીંકીંગ રોડ, વેલનકલી સ્કૂલની બાજુમાં,

યોગીનગર ટાવર સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૯૨.

# અર્પણ




આપણને ખબર નથી પણ એવી કોઈ શક્તિ છે
જે આ સૃષ્ટિનું નિયંત્રણ કરે છે.
આપણાથી એની પૂજા કેવી રીતે થાય ?
આપણા ભાગે જે કામ આવે તે ઉત્તમ રીતે કરીએ
અને તેનું ફળ એને જ સમર્પણ કરી દઈએ,
એ જ એનું પૂજન.

**શ્રી આહિર સેવા સમાજ-મુંબઈનું પ્રથમ વસતીપત્રક સમાજ દર્શન ૧૯૯૬**

નોંધ : (૧) વસતીપત્રકના મુખ્ય પાનાંની ગોઠવણ અંગ્રેજી મૂળાક્ષર પ્રમાણે કરેલી છે.
(૨) આ વસતીપત્રકની વિગતો ફોર્મમાં ભરવામાં આવેલી માહિતીના આધારે પ્રગટ કરવામાં આવી છે. તેમાંની કોઈપણ વિસંગતતા માટે સંસ્થા જવાબદાર નથી.


મુદ્રણ પરિકલ્પના: વર્ડબીટ
૨૫૯, ગીરગામ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૮ ૮૩૪૩
મુદ્રક : વિભુ ગ્રાફિક્સ


यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम ॥

જેમની સમાજ સર્જક પ્રતિભાનો પ્રવાસ સાર્થકતાની સીમાએ પહોંચ્યો છે એવા વત્સલ વડીલ

શ્રી આહિર સેવા સમાજ, મુંબઈના સ્થાપક

# શ્રી ખીમજીભાઈ દેવશીભાઈ ડુવા

વતન લાલપરડા, તા. કલ્યાણપુર, જી. જામનગર. હાલ બોરીવલી-મુંબઈ



સમાજહિતનું અખંડ ચિંતન જેમના હૈયે વસેલું રહ્યું છે, સેવાકીય પ્રવૃત્તિઓ પ્રતિ જેમને વિશેષ રસ રહ્યો છે અને ઉન્નત સમાજની વિચારધારાના અગ્રીમ અનુયાયી રહ્યા છે એવા માનનીય શ્રી ખીમજીભાઈ દેવશીભાઈ ડુવાને સમાજના સ્થાપકની ઉપમા આપીએ તો જરા પણ ખોટું નથી.

૩૦ વર્ષ પહેલાં જે જમાનામાં મુંબઈમાં આહિરના ૪૦-૫૦ ઘર હતા એવા સમયે જ્ઞાતિનું સંગઠન કરવાની તેમણે પહેલ કરેલી. શ્રી ખીમજીભાઈ ૧૯૪૭ સુધી કરાચી હતા. ભાગલા પડ્યા પછી વતનમાં સરકારી નોકરીમાં કાર્યરત હતા. ૧૯૪૯થી અમદાવાદ પ્લમ્બીંગ વ્યવસાયમાં જોડાયા. તેમણે અમદાવાદમાં જ્ઞાતિ મેળાવડાનું આયોજન પણ કરેલું.

૧૯૬૧ પછી ધંધાનું કાર્યક્ષેત્ર બદલી મુંબઈ આવ્યા. પ્લમ્બીંગ વ્યવસાય સાથે બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન લાઈનમાં પણ ઉજ્જવલ કામગીરી કરતા રહ્યા છે. મુંબઈ સમાજ માટે ૧૯૬૪થી અથાગ જહેમત દ્વારા જ્ઞાતિકાર્ય કરી રહ્યા છે. જ્ઞાતિસેવાના અનુભવના સાગરસમા મહાનુભાવ શ્રી ખીમજીભાઈનું જીવન અનેક કાર્યકરો માટે ઉદાહરણરૂપ છે.

સમાજના સર્વાંગી ઉત્કર્ષ અને વિકાસના પરમ ચિંતક, સંસ્થાના પ્રબળ પ્રતિભાશાળી સૂત્રધાર

શ્રી આહિર સેવા સમાજ, મુંબઈના પ્રમુખ

# શ્રી માલદેવભાઈ કાનાભાઈ બાની

વતન ભોડદર, તા. રાણાકંડોરણા, જી. જુનાગઢ. હાલ વિલેપાર્લે-મુંબઈ



શ્રી આહિર સેવા સમાજના પ્રમુખ શ્રી માલદેવભાઈ કાનાભાઈ બાનીએ પોતાની શકિત અને સમય સમાજ હિત કાજે વપરાય એને જીવનનો લ્હાવો માન્યો છે. તેમણે અભ્યાસ પૂરો કરી ૩ વરસ ખેતીમાં છુટક મજૂરી કરી. ૧૫ વર્ષની બાળ વયે ૧૯૬૨માં મુંબઈ આવી રૂ.૪૫ના પગારથી નોકરીની શરૂઆત કરી. ૧૯૬૬માં મોરારજી મીલમાં આસિ. સેલ્સમેન તરીકે જોડાયા. ૧૯૬૭માં ડી. હાજાભાઈની પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા. ૧૯૭૨માં બચુભાઈ એન્ડ કંપનીમાં ભાગીદારી ચાલુ કરી. વ્યવસાયને સમજપૂર્વક વિકસાવવાની આવડત અને પ્રગતિશીલ વેપારીનીતિ માટે વેપાર ઉદ્યોગમાં નામના મેળવનાર માલદેવભાઈએ ૧૯૯૪માં સુદીક્ષા ટેક્સટાઈલ પ્રા. લિ.ના નામની સ્વતંત્ર કંપનીની સ્થાપના કરી.

સામાજીક ક્ષેત્રે ૨૦ વર્ષ પહેલાં તેમના વતનમાં શ્રી ભોડદર કેળવણી મંડળ દ્વારા હાઈસ્કૂલ ચાલુ કરાવી. શ્રી આહિર સેવા સમાજની સ્થાપના પહેલાથી જ્ઞાતિ પ્રવૃત્તિ સાથે ૩૦ વર્ષથી સંકળાયેલ છે. ગુજરાત આહિર કેળવણી મંડળ-રાજકોટ, શ્રી આહિર કન્યા છાત્રાલય-જુનાગઢ, શ્રી આહિર બોર્ડિંગ-જુનાગઢ, શ્રી આહિર સમાજ-કેશોદ જેવી સમાજની અનેક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા છે. અખીલ ભારત યાદવ મહાસભામાં તેઓ મહારાષ્ટ્ર રાજ્યના કન્વિનર નિમાયા છે. સમાજ સંગઠીત થાય અને સાથે મળીને સહુ કાર્યમાં જોડાય તો સમસ્ત સમાજ એક થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ માલદેવભાઈએ મુંબઈમાં આહિર સમાજની વિશાળ પ્રવૃત્તિઓ દ્વારા પુરું પાડ્યું છે. જેની અસર ગુજરાતની સમસ્ત આહિર સંસ્થાઓ ઉપર પડી છે. તેમની સેવાકીય સુગંધમય કરતી સુજનતાની સુવાસ માત્ર જ્ઞાતિમાં જ નહીં પણ વિશાળતર સમાજમાં પણ પ્રસરી છે.

રચનાત્મક અને શ્રેયાત્મક સત્કાર્યોને જીવનમાં પ્રધાન સ્થાન આપનાર સહૃદયી યુવાન

શ્રી આહિર સેવા સમાજ, મુંબઈના મેનેજીંગ ટ્રસ્ટી

# શ્રી મધુકાંત વાલાભાઈ કલસરિયા

વતન વાઘનગર, તા. મહુવા, જી. ભાવનગર. હાલ મલાડ-મુંબઈ



શ્રી આહિર સેવા સમાજના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મધુકાંત વાલાભાઈ કલસરિયાનું સમગ્ર જીવન સાહસ અને પુરૂષાર્થની અનન્ય કિતાબ જેવું છે. મનસા, વાચા અને કર્મણા તેઓ સમાજના અભ્યુદય માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે.

યુવાન પેઢી માટે ઉત્તમ કેડીસર્જક રાહ દાખવનાર મધુકાંતભાઈ ધો. ૮ પાસ કરી ૨-૩ વર્ષ ખેતીમાં જોડાયેલા. હીરાની લાઈનમાં જવાના વિચારે વચમાં થોડો સમય સુરત પણ જઈ આવ્યા. એક વર્ષ ઓચિંતુ ફરી પાછું વતનમાં ખેતી કરી. મુળ જીવ હિંમત અને મહત્વાકાંક્ષાનો એટલે વતનમાં જંપવાળી બેસાયું નહીં એટલે સુરત પાછા ફર્યા. પછી તો ધંધાના અનુભવે અને મહેનતના બળે એમને મુંબઈની હીરા બજાર સુધી સફળતા અપાવી. હાલમાં મુંબઈમાં હીરાના પોલીશીંગની ફેક્ટરી ધરાવે છે અને એક્સપોર્ટનો ધીકતો ધંધો પણ કરે છે.

નસીબ ઉપર બેસી ન રહેતા સતત પુરૂષાર્થ કરવાની મનોવૃત્તિ દ્વારા નસીબ ઘડનાર મધુકાંતભાઈએ થોડા સમય અગાઉ હીરાના વ્યવસાયને વિકાસશીલ બનાવી બિલ્ડીંગ - કન્સ્ટ્રક્શન લાઈનમાં પણ શરૂઆત કરી બાંધકામક્ષેત્રે સારી નામના હાંસલ કરી છે.

જેમની સેવાનિષ્ઠાના મૂળમાં નિષ્કામ કર્મણ્યતાના બીજ રોપાયેલા પડ્યા છે એવા સજ્જન

શ્રી આહિર સેવા સમાજ, મુંબઈના ટ્રસ્ટી

# શ્રી બચુભાઈ જીવણભાઈ વીરડા

વતન વીરપુર વેરતીયા, તા. કાલાવાડ, જી. જામનગર. હાલ બોરીવલી-મુંબઈ



વિનમ્ર અને ભદ્ર પુરૂષ તરીકેની સંસ્કારી સુગંધ પ્રસરાવી રહેલા શ્રી બચુભાઈ જીવણભાઈ વીરડાના જીવનમાં પ્રથમથી જ નિસ્પૃહ સેવાવૃત્તિનો ઉછેર અને વિકાસ થયેલ છે. તેમનું જન્મ સ્થળ કરાંચી. ૧૯૪૭માં ભારત – પાકિસ્તાનના ભાગલા પછી બે વર્ષ મોસાળ લતીપુર અને બે વર્ષ જામનગર ગાળ્યા.


૧૯૫૧થી મુંબઈમાં વસવાટ છે. ૧૯૫૬થી વડીલો પાર્જીત મકાન બાંધકામના વ્યવસાયમાં છે. સ્વભાવમાં રહેલા સાહસ, સ્વાશ્રય, બુદ્ધિમત્તા તેમજ ધૈર્ય સેવાભાવથી સભર સદ્‌ગુણોનાં પ્રતાપે પ્રભુએ એમના પર સન્મતિ, સંપત્તિ અને સુકીર્તિનો કળશ ઢોળ્યો છે. સંબંધીઓને સાચી સલાહ અને અનુભવી કુશળતાપૂર્વકનું આયોજન શીખવાડી અનેક પરિચીતોને સામાજીક અને ધંધાકીય બન્ને રીતે મદદરૂપ બન્યા છે.

હાલમાં તેઓ સૌરાષ્ટ્ર બિલ્ડર્સ અને ચિતલીયા બિલ્ડર્સના નામથી બિલ્ડીંગ કન્સ્ટ્રકશન લાઈનમાં પ્રવૃત્ત છે. જ્ઞાતિની અન્ય સંસ્થા યદુનંદન સમસ્ત આહિર (બોરિચા) સમાજ બોર્ડિંગ – રાજકોટને પણ તેમની સેવાનો લાભ મળે છે. મુંબઈના આહિર ભવનના નિર્માણ પાછળ એમની જહેમત સૌથી વિશેષ છે.

જેમનું જીવન સેવા અને સંનિષ્ઠાના સ્પષ્ટ ધ્યેય તરફ પ્રવૃત્તિશીલ રહ્યું છે એવા વિનમ્ર પુરૂષ
શ્રી આહિર સેવા સમાજ મુંબઈના ટ્રસ્ટી

# શ્રી રામજીભાઈ કાનજીભાઈ મ્યાત્રા

વતન કુંદરોડી, તા. મુંદ્રા, જી. કચ્છ. હાલ અંધેરી-મુંબઈ



સંપત્તિ હોવાની સાથે દુર્લભ એવા સૌમ્યતા અને નમ્રતા, પરમાર્થની ભાવના અને ઉદારતા જેવા સદ્‌ગુણોનો સમન્વય જેમના વ્યક્તિત્વમાં થયો છે એવા સફળ વ્યવસાયકાર અને સમાજના પરમ હિતચિંતક શ્રી રામજીભાઈ કાનજીભાઈ મ્યાત્રા શ્રી આહિર સેવા સમાજ મુંબઈના ટ્રસ્ટી છે.

માત્ર ૧૧ વર્ષની નાની ઉંમરે વતનનો અભ્યાસ છોડી મુંબઈની વાટ પકડી. પ્રારંભ નાની એવી નોકરીથી થયો. પ્રામાણિકતાપૂર્વક કરેલી એ નોકરીએ મોટો યશ અપાવી સમય જતાં સ્વતંત્ર ધંધાની સ્થાપના કરાવી. ઈલેક્ટ્રીક ઉપકરણોના વ્યવસાયમાં છૂટક અને જથ્થાબંધ વેપારમાં મુંબઈના પરામાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. ભારતના મશહુર એન્કર ઈલેક્ટ્રીકલ ગ્રુપ સાથે ગૌરવભર્યું વ્યવસાયીક જોડાણ ધરાવે છે.


તેઓ શ્રી આહિર સેવા સમાજ મુંબઈ સાથે સંસ્થાની શરૂઆતથી સંકળાયેલ છે. શરૂઆતમાં કચ્છી આહિર સેવા સમાજ સાથે પણ સંકળાયેલ છે.  વિકાસ તેઓ ભલે મુંબઈમાં પામ્યા પણ વતનને તેઓ ભુલ્યા નથી. ત્યાં પણ વિવિધ સામાજીક પ્રવૃત્તિ સમયાંતરે કરી રહ્યા છે. તેઓ ખેતીવાડી વિષયક બાબતોમાં જ્ઞાન અને રસ ધરાવે છે.

પરિપક્વ શાણપણ, આગવી આયોજન દ્રષ્ટિના સામર્થ્ય વડે પ્રગતિનો પંથ સજાવનાર

શ્રી આહિર સેવા સમાજ, મુંબઈના ટ્રસ્ટી

# શ્રી રામજીભાઈ ભુરાભાઈ હુંબલ

વતન મોટી મારડ, તા. ધોરાજી, જી. જામનગર. હાલ ભીવંડી-મુંબઈ



સામર્થ્યની પરંપરાનો વારસો શોભાવી રહેલા શ્રી રામજીભાઈ ભુરાભાઈ હુંબલ નવા ઉન્મેષો સાધનારી બુદ્ધિ અને પ્રતિભા સર્જકનું આગવું વ્યક્તિત્વ ધરાવે છે.

અભ્યાસ પછી બર્મામાં બ્રહ્મદેશના ઈનસીટીમાં ચોખા તથા તેલનો વેપાર સંભાળ્યો. ૧૯૪૨ની લડાઈ પછી વતન મોટી મારડ પાછા ફર્યા. વચમાં થોડો સમય મહારાષ્ટ્રના યવતમાલ ગામમાં અનાજનો ધંધો કર્યો. ૧૯૪૫માં મુંબઈ પ્રયાણ કર્યું. શરૂઆત ભીવંડીમાં નોકરી કરી. ૧૯૬૪થી ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં પ્રવૃત્ત થયા.

અત્યંત જહેમત અને વેપારવૃદ્ધિની દ્રઢ ભાવના થકી આ ધંધામાં મોટી નામના મેળવી છે. હાલમાં ટ્રાન્સપોર્ટ ધંધા સાથે વેરહાઉસ પણ ચાલુ કરેલ છે. સામાજીક ક્ષેત્રે મોટી મારડમાં કન્યાશાળાના ટ્રસ્ટી, નીકલંઠ મહાદેવ અનાથ આશ્રમના ટ્રસ્ટી છે.

જીવનના મૂલ્યો અને ઉચ્ચ વિચારસરણીના ગુણો જેમણે આત્મસાત કર્યા છે એવા માનનીય
શ્રી આહિર સેવા સમાજ, મુંબઈના ટ્રસ્ટી

# શ્રી વાલજીભાઈ જાદવભાઈ પરડવા

વતન કાનાતળાવ, તા. સાવરકુંડલા, જી. ભાવનગર. હાલ વસઈ-મુંબઈ



કિશોરવયથી જ પોતાની આત્મશ્રદ્ધા ઉપર વિશ્વાસ રાખીને કર્તવ્યપંથે ઉત્તરોત્તર આગળ વધતા રહી શ્રી વાલજીભાઈ જાદવભાઈ પરડવાએ ઉન્નતિના શીખરે જવામાં ભવ્ય સફળતા હાંસલ કરી છે. પોતાના સૌમ્ય અને સ્મિત મધુર સ્વભાવથી માત્ર સ્વજનોનું જ નહીં પણ એમના સંપર્કમાં આવનારા સમુદાયનું બહોળું આપ્તમંડળ રચ્યું છે.

વતનમાં મૂળ વ્યવસાય ખેતીનો હતો. ૧૯૬૯થી મુંબઈને કર્મભૂમિ બનાવી. હીરાના ધંધામાં શીખવા માટેના કામથી કારકીર્દિની શરૂઆત કરી. પાછળથી હીરાના કારખાનાઓની સ્થાપના કરી. હીરાઉદ્યોગના વ્યવસાયમાં સારી નામના મેળવી છે.

સ્વભાવે સેવાભાવી એટલે અનેક સંસ્થાઓ સાથે તેમનું જોડાણ છે. ઉદારદિલ અને ધાર્મિક વૃત્તિના ધારક શ્રી વાલજીભાઈ સમાજની સેવા માટે ક્યારે પણ પાછા પડતા નથી. વ્યવસાયે હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે.

વિકાસદૃષ્ટિના છોડને કારકિર્દીના ક્યારામાં રોપીને જીવનબાગને ખુશ્બુથી મહેકાવનાર

શ્રી આહિર સેવા સમાજ, મુંબઈના ટ્રસ્ટી

# શ્રી ધર્મેશભાઈ ખીમજીભાઈ ડુવા

વતન બાલપરડા, તા. કલ્યાણપુર, જી. જામનગર. હાલ બોરીવલી-મુંબઈ



પ્રેરણા અને પ્રતિભા, ભાવનાભક્તિ અને કાર્યકૌશલ, ખંત અને જહેમત, રિદ્ધિ અને સિદ્ધિ વડે જેમનો જીવનકોષ ઉચ્ચ આદર્શોને અર્પણ થયેલો છે એવા નવયુવાન શ્રી ધર્મેશભાઈ ખીમજીભાઈ ડુવાએ વારસાગત ધંધામાં સારી પ્રગતિ અને પ્રતિષ્ઠાનું વાતાવરણ નિર્માણ કર્યું છે.

જીવનના જુદા જુદા તબક્કાઓમાં વિવિધ અનુભવો મેળવતા મેળવતા કારકિર્દીને અનુભવનો ઓપ આપ્યો. તેઓ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન લાઈનમાં બિલ્ડર્સ ડેવલપર તરીકે મુંબઈમાં આગવું સ્થાન ધરાવે છે.

જ્ઞાતિ અને સમાજના કલ્યાણ કાર્યો સાથે એકરૂપ થઈને સંકળાયેલા શ્રી ધર્મેશભાઈ સમાજની પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ હોય છે.

જ્ઞાતિ સેવાકાર્ય તેમને વારસામાંથી મળેલ છે તેમ કહીએ તો જરા પણ અતિશયોક્તિ નથી.

સેવા અને સંસ્કારના સમન્વયયુક્ત સ્વભાવથી સર્વત્ર સ્નેહ સુવાસ પ્રસરાવી રહેલા નવયુવાન
શ્રી આહિર સેવા સમાજ, મુંબઈના ટ્રસ્ટી

# શ્રી પચાણભાઈ ધનજીભાઈ સોનારા

વતન રામવાવ, તા. રાપર, જી. કચ્છ. હાલ અંધેરી-મુંબઈ



પોતાની વિશિષ્ટ શક્તિ અને વિચક્ષણ દૃષ્ટિ તેમજ અનેરી અને વહીવટી નિપુણતા ઉપરાંત તેજસ્વી બુદ્ધિ કૌશલ્યના સંયોજન દ્વારા વ્યવસાયની પ્રભાવજનક પ્રગતિ સર્જી શ્રી પચાણભાઈ ધનજીભાઈ સોનારાએ પ્રારબ્ધ ઉપર પુરૂષાર્થનો વિજય સ્થાપેલ છે.

વતન કચ્છમાં અભ્યાસ પૂર્ણ કરી સ્પેરપાર્ટની દુકાન ચલાવતા હતા. મુંબઈ આવી શરૂઆતના ૬ મહિના નોકરી કરી. ત્યારબાદ પેપરની દુકાન ચલાવવા લીધી. વુડન ફર્નિચરના ઉત્પાદનનું દશ વર્ષ કારખાનું પણ ચલાવ્યું. ટુંકાગાળામાં ધંધાને પ્રગતિશીલ બનાવતા વાશીમાં ફર્નિચરનો શોરૂમ સ્થાપ્યો. સમયાંતરે બીજો શોરૂમ મીરારોડમાં પણ કર્યો.

સામાજીક ક્ષેત્રે વાગડ આહિર સમાજમાં ખજાનચી તરીકે કામગીરી કરી છે. તેમના કારખાને સમાજની ઓફિસ રાખી જ્ઞાતિકાર્યની શરૂઆત કરેલ. સમસ્ત ગુજરાત આહિર સમાજના નિર્માણમાં પણ તેઓ અગ્રેસર રહ્યા છે. સ્વભાવે ધાર્મિક પણ ખરા એટલે ધાર્મિક જગ્યાઓએ અવારનવાર જાય છે. સમાજના આજીવન સભ્યો બનાવવામાં પચાણભાઈનો મોટો ફાળો છે.

વિષમતાને વિવેકદષ્ટિથી જોવાના મહાવરાથી પ્રવૃત્તિઓને શોભાવનાર ઉત્સાહી યુવક
શ્રી આહિર સેવા સમાજ, મુંબઈના ટ્રસ્ટી

## શ્રી બાબુભાઈ સુરાભાઈ મ્યાત્રા

વતન દેશલપુર (કંઠી), તા. મુંદ્રા, જી. કચ્છ. હાલ માટુંગા-મુંબઈ



પોતાની સર્જનાત્મક દષ્ટિ વડે ભાવનાત્મક ઐક્ય સર્જી ધંધાકીય ક્ષેત્રે આગવો પ્રભાવ ઊભો કરનાર શ્રી બાબુભાઈ સુરાભાઈ મ્યાત્રા જ્ઞાતિની કલ્યાણ પ્રવૃત્તિઓને ફુલતી ફાલતી કરવાના સંગઠિત પ્રયાસોમાં હંમેશા સહાયરૂપ રહ્યા છે.

લીધેલી જવાબદારીને સભાનતાપૂર્વક પાર પાડવા માટેની પ્રવૃત્તિમાં સર્વત્ર સહકાર અને સમભાવની ભાવના ઊભી કરી સામાજીક, ધાર્મિક અને જાહેર હિતના વિકાસ કાર્યોની સફળતા માટે હંમેશા સક્રિય હોય છે.

એમના વ્યવસાયના નામ ચેલેન્જ પ્રમાણે તેઓ હંમેશા ચેલેન્જ ઉપાડવામાં માને છે. જુના આહિર મંડળને પણ તેમની સેવાનો લાભ મળેલ છે.

# શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ


## કાર્યવાહક હોદ્દેદારો - વર્ષ ૧૯૯૫/૯૭



શ્રી માલદેવભાઈ કાનાભાઈ બાની
પ્રમુખ



શ્રી રણાભાઈ મોમાયાભાઈ સોનારા
ઉપપ્રમુખ



શ્રી પ્રદીપભાઈ નારણભાઈ પરડવા
ઉપપ્રમુખ



શ્રી પ્રદીપભાઈ રામજીભાઈ મ્યાત્રા
માનદ્ મંત્રી



શ્રી લાખાભાઈ વશરામભાઈ વાણિયા
સહમંત્રી

# શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ

## કાર્યવાહક હોદ્દેદારો - વર્ષ ૧૯૯૫/૯૭



શ્રી કાબજીભાઈ ખીમાભાઈ જીંજાળા
સંગઠન મંત્રી



શ્રી તેજાભાઈ રઘુભાઈ ઢીલા
આયોજન મંત્રી



શ્રી વિનુભાઈ હીરાભાઈ નંદાણિયા
ખજાનચી



શ્રી ગોવિંદભાઈ શીવજીભાઈ મરંડ
સહ ખજાનચી



શ્રી રાજેન્દ્રભાઈ બચુભાઈ આહિર
બાંધકામ મંત્રી

# શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ

## કાર્યવાહક સભ્યો - વર્ષ ૧૯૯૫/૯૭



શ્રી નાગેશભાઈ વીરાભાઈ વાઢિયા
વિરાર



શ્રી પુંજાભાઈ રામભાઈ ભાટુ
વિરાર



શ્રી પરબતભાઈ સાજણભાઈ બાની
વિરાર



શ્રી મસરીભાઈ પરબતભાઈ બોરખતરિયા
વિરાર



શ્રી પાલાભાઈ ગોવિંદભાઈ ચાવડા
વિરાર



શ્રી નારણભાઈ દેવશીભાઈ નંદાણિયા
વસઈ



શ્રી ડાહ્યાભાઈ ગોવિંદભાઈ કાછિયા
વસઈ



શ્રી રામભાઈ નાનુભાઈ મોર
વસઈ



શ્રી મોહનભાઈ જોધાભાઈ કાતરિયા
વસઈ

# શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ

## કાર્યવાહક સભ્યો – વર્ષ ૧૯૯૫/૯૭



શ્રી વલ્લભભાઈ દેવાતભાઈ ડોલર
વસઈ



શ્રી ખોડાભાઈ સોંડાભાઈ બલદાણિયા
વસઈ



શ્રી ભીખાભાઈ નાનજીભાઈ પરડવા
વસઈ



શ્રી રામભાઈ મુળુભાઈ કાતરિયા
વસઈ



શ્રી ભીમજીભાઈ પુનાભાઈ હડિયા
વસઈ




શ્રી કાનાભાઈ જી. બાંટવા
નાલાસોપારા



શ્રી જસુભાઈ વીસાભાઈ આહિર
ભાયંદર



શ્રી પ્રવિણભાઈ જગમાલભાઈ વરૂ
ભાયંદર




શ્રી છગનભાઈ માયાભાઈ વાણિયા
ભાયંદર

# શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ

## કાર્યવાહક સભ્યો – વર્ષ ૧૯૯૫/૯૭



શ્રી ગજેન્દ્રભાઈ માલદેવભાઈ કરમુર
ભાયંદર



શ્રી ભુરાભાઈ માલદેભાઈ વરૂ
ભાયંદર



શ્રી બાબુભાઈ છગનભાઈ લાડુમોર
મીરારોડ



શ્રી મંગળભાઈ નારણભાઈ હડિયા
મીરારોડ



શ્રી લાખાભાઈ ભગુભાઈ માખેલા
દહીંસર



શ્રી પીઠાભાઈ ખીમાભાઈ સિસોદિયા
દહીંસર



શ્રી જીવાભાઈ મેરામણ ભેડા
દહીંસર



શ્રી એભલભાઈ અરશીભાઈ વાણિયા
દહીંસર




શ્રી પ્રવિણભાઈ ભીખાભાઈ નકુમ
દહીંસર

# શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ

## કાર્યવાહક સભ્યો - વર્ષ ૧૯૯૫/૯૭



શ્રી કેશુરભાઈ કાનાભાઈ બાની
દહીંસર



શ્રી પરબતભાઈ લક્ષ્મણભાઈ મારડિયા
દહીંસર




શ્રી શામળાભાઈ ગભાભાઈ વાઘમશી
બોરીવલી



શ્રી દિનેશભાઈ અરજણભાઈ વરૂ
બોરીવલી



શ્રી વિક્રમભાઈ મેરુભાઈ ડેર
બોરીવલી



શ્રી રવજીભાઈ આલાભાઈ લાવડિયા
કાંદીવલી



શ્રી હમીરભાઈ રામભાઈ ભાટુ
કાંદીવલી



શ્રી ધનજીભાઈ ભચુભાઈ ચાવડા
કાંદીવલી



શ્રી નાગજીભાઈ ખીમજીભાઈ બાળા
મલાડ

# શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ

## કાર્યવાહક સભ્યો – વર્ષ ૧૯૯૫/૯૭



શ્રી નાનજીભાઈ ગોવિંદભાઈ ઢોલા
મલાડ



શ્રી રામદેવભાઈ દેવાણંદભાઈ ડાંગર
મલાડ



શ્રી નથુભાઈ વાલાભાઈ કલસરિયા
મલાડ



શ્રી રામજીભાઈ જેસંગભાઈ વીરડા
અંધેરી



શ્રી લક્ષ્મીચંદ ખીમજીભાઈ જરૂ
દાદર



શ્રી કિશોરભાઈ ભીખુભાઈ આહિર
મુંબઈ



શ્રી ભચુભાઈ જેસંગભાઈ બાળા
તારદેવ



શ્રી ધનજીભાઈ રવજીભાઈ જરૂ
નળબજાર



શ્રી લાલજીભાઈ ધનજીભાઈ વરચંદ
અંબરનાથ

# શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ

## કાર્યવાહક સભ્યો - વર્ષ ૧૯૯૫/૯૭



શ્રી વિક્રમભાઈ જેઠાભાઈ ચંદ્રવાડિયા
ઉલ્લાસનગર



શ્રી ભરતભાઈ નારણભાઈ બકુત્રા
કલ્યાણ



શ્રી જયેશભાઈ દેવશીભાઈ ગલ
ડોમ્બીવલી

શ્રી ખીમજીભાઈ ધનજીભાઈ મરંડ
ડોમ્બીવલી



શ્રી હરિભાઈ જીવાભાઈ વરચંદ
મુલુન્ડ



શ્રી કરસનભાઈ પેથાભાઈ વરચંદ
ભાંડુપ



શ્રી દાદુભાઈ હમીરભાઈ ચાવડા
ભીવંડી



શ્રી અશ્વિનભાઈ રામજીભાઈ હુંબલ
ભીવંડી



શ્રી પરબતભાઈ ભારૂભાઈ ઢીલા
વાશી

# શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ

## ટ્રસ્ટ બોર્ડ, ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યોની યાદી

### વર્ષ ૧૯૯૧/૯૪

**પ્રમુખ (ટ્રસ્ટી) :**
શ્રી માલદેવભાઈ કાનાભાઈ બાની

**મેનેજીંગ ટ્રસ્ટી :**
શ્રી મધુકાંતભાઈ વાલાભાઈ કલસરિયા

**સહમંત્રી :**
શ્રી ભીમજીભાઈ પુનાભાઈ હડિયા

**ઉપ-પ્રમુખ :**
શ્રી નાગજીભાઈ ખીમજીભાઈ બાળા

**માનદ્ મંત્રી :**
શ્રી પ્રદીપભાઈ રામજીભાઈ મ્યાત્રા

**ખજાનચી :**
શ્રી ગોવિંદભાઈ શીવજીભાઈ મરંડ

**ટ્રસ્ટીઓ :**

શ્રી રામજીભાઈ કાનજીભાઈ મ્યાત્રા
શ્રી ધર્મેશભાઈ ખીમજીભાઈ ડુવા
શ્રી વાલજીભાઈ જાદવભાઈ પરડવા
શ્રી બાબુભાઈ સુરાભાઈ મ્યાત્રા
શ્રી બચુભાઈ જીવણભાઈ વિરડા
શ્રી રામજીભાઈ ભુરાભાઈ હુંબલ
શ્રી પચાણભાઈ ધનજીભાઈ સોનારા

**કારોબારી સભ્યોઃ**

શ્રી પ્રદીપભાઈ નારણભાઈ પરડવા
શ્રી ખીમજીભાઈ ધનજીભાઈ મરંડ
શ્રી નારણભાઈ કાનજીભાઈ સાંગા
શ્રી નાગજીભાઈ માંડણભાઈ કેરાસિયા
શ્રી ધનજી ભચુભાઈ ચાવડા
શ્રી સરમણભાઈ દેવશીભાઈ નંદાણિયા
શ્રી લાખાભાઈ ભગુભાઈ માખેલા
શ્રી ખોડાભાઈ સોડાભાઈ બલદાણિયા
શ્રી અશ્વિનભાઈ રામજીભાઈ હુંબલ
શ્રી તેજાભાઈ રઘુભાઈ ઢીલા
શ્રી દિનેશભાઈ અરજણભાઈ વરૂ
શ્રી દેવુભાઈ માલદેભાઈ ભેડા
શ્રી વિક્રમભાઈ મેરૂભાઈ ડેર
શ્રી રાજેન્દ્ર બચુભાઈ આહિર
શ્રી છગનભાઈ માવાભાઈ વાણિયા
શ્રી હમીરભાઈ લગરાભાઈ હડિયા
શ્રી ભરતભાઈ નારણભાઈ બકુત્રા
શ્રી દેવજીભાઈ રાઘુભાઈ આહિર
શ્રી લક્ષ્મીચંદ ખીમજીભાઈ જરૂ
શ્રી રાણાભાઈ તેજાભાઈ આહિર
શ્રી કરશનભાઈ પેથાભાઈ વરચંદ
શ્રી રાણાભાઈ મોમાયાભાઈ સોનારા
શ્રી ભુરાભાઈ માલદેભાઈ વરૂ
શ્રી કાબજીભાઈ ખીમાભાઈ જીંજાળા
શ્રી નાગેશભાઈ વીરાભાઈ વાઢિયા
શ્રી ધનજીભાઈ રવજીભાઈ જરૂ
શ્રી લાખાભાઈ વશરામભાઈ વાણિયા
શ્રી ડાયાભાઈ ગોવિંદભાઈ કાછીયા
શ્રી હમીરભાઈ રામભાઈ ભાદુ
શ્રી અરજણભાઈ કાનાભાઈ ભેડા
શ્રી લક્ષ્મણભાઈ નારણભાઈ ભેટારિયા
શ્રી જશુભાઈ વીરાભાઈ આહિર
શ્રી મસરીભાઈ કાનાભાઈ બાની
શ્રી વિક્રમભાઈ જેઠાભાઈ ચંદ્રવાડિયા
શ્રી વાલજીભાઈ પુનાભાઈ કાતરિયા

# શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ – કારોબારી સભ્યોની યાદી વર્ષ ૧૯૯૧/૯૪

વર્ષ ૧૯૯૫/૯૭ની સમિતિના નામ અને ફોટા આગળના પાના ઉપર પ્રગટ કરેલ છે. આખી સમિતિના ફોટા બે વાર પ્રગટ કરવાનું મુનાસિબ ન હોઇ વર્ષ ૧૯૯૫/૯૭ની સમિતિમાં જે સભ્યો સામેલ નથી તેવા સભ્યોના ફોટા અત્રે મુકેલ છે.


શ્રી દેવુભાઇ માલદેભાઇ ભેડા


શ્રી રાણાભાઇ તેજાભાઇ આહિર


શ્રી જખુભાઇ આલાભાઇ લાવડીયા


શ્રી વાલજીભાઇ પુનાભાઇ કાતરિયા


શ્રી મસરીભાઇ કાનાભાઇ બાની


શ્રી હમીરભાઇ લગધાભાઇ હડિયા


શ્રી સરમણભાઇ દેવશીભાઇ નંદાણીયા


શ્રી અરજણભાઇ કાનાભાઇ ભેડા


શ્રી લક્ષ્મણભાઇ નારણભાઇ ભેટારીયા

# એક સ્વપ્ન થયું સાકાર

શ્રી આહિર સેવા સમાજ મુંબઈના સભ્યોનું પ્રથમ વસતીપત્રક 'સમાજ દર્શન' આપના કર કમળોમાં પ્રસ્તુત કરતાં અત્યંત આનંદ અને ઉલ્લાસ અનુભવીએ છીએ. આપ સૌને પણ આવી જ અનુભૂતિ થશે.

સમાજ એટલે જ્ઞાતિ કુટુંબનો સમુહ એટલે કે સમાજપંચ એક વડલો. સમાજનું પ્રત્યેક કુટુંબ એટલે તેની શાખા અને દરેક વ્યક્તિ એ તેનું પર્ણ ગણાય. પર્ણરૂપી દરેક સભ્યની સંપૂર્ણ કૌટુંબિક માહિતીનું સચોટ પ્રતિબિંબ વસતીપત્રકમાં પડે છે માટે આ વસતીપત્રકનું નામ 'સમાજદર્શન' રાખેલ છે. આ નામનો ટુંકો અર્થ એટલે સામુહિક રીતે આપણે સહુ એકબીજાથી વાકેફ થઈએ.

મનુષ્ય જીવન પરિવર્તનના નિયમોને આધીન છે. જન્મથી મરણના સમય દરમ્યાન શિશુ, બાળ, કુમાર, યુવા, પ્રૌઢ અને વૃદ્ધ તેમજ વિદ્યાર્થી, ગૃહસ્થ, નોકરીયાત, ધંધાદારી વિગેરે અવસ્થામાંથી એક અથવા બીજી રીતે રહી અથવા સ્થળાંતર કરી સામાજીક નિયમોને આધીન માનવ પોતપોતાને અનુકુળ હોય એ રીતે જીવન વ્યતિત કરતો હોય છે. પરિવર્તનની નિરંતર ચાલથી આ પ્રક્રિયાની નોંધ રાખવી તો અશક્ય છે પરંતુ પાંચ સાત વર્ષે એક વખત એક નિશ્ચિત સમયરેખાનો ઉપયોગ કરી વસતીપત્રકનું પ્રકાશન કરવામાં આવે તો એ એક ઉત્કૃષ્ટ સમાજ ઉપયોગી સાધન બની શકે. એટલું જ નહીં પણ સમાજના આધારભૂત દસ્તાવેજ તરીકે ઉપયોગમાં આવે.

'સમાજ દર્શન' પ્રકાશનનો મુખ્ય ઉદ્દેશ દરેક જ્ઞાતિજનો એકબીજાના પરીચયમાં આવે, સમાજની પ્રવૃત્તિ અને પ્રગતિની માહિતી મેળવે, સામાજીક, સાંસ્કૃતિક અને વ્યવસાયીક દ્રષ્ટિએ એકબીજાને ઉપયોગી થાય અને અરસપરસના સુખ દુઃખના સાથીદાર બને તેવી અમારી અંતરની ભાવના છે.

'સમાજ દર્શન' દ્વારા આપણા સમાજમાં આર્થિક દષ્ટિએ કેટલા સદ્ધર, કેટલા સામાન્ય, કેટલા નબળા સભ્યો છે તેનો ચીતાર આપણને મળી રહેશે. સાથે સાથે જરૂરતમંદ સભ્યોની જરૂરિયાતો સમજીને પૂરી કરવાના પ્રયત્નોમાં પ્રવૃત્ત થવાની એક પ્રેરણા પણ આપણને આમાંથી જ મળી રહેશે. સારી સ્થિતિવાળા જ્ઞાતિજનો મોટાભાઈ, સામાન્યને વચેટ ભાઈ અને નબળાને નાનાભાઈ ગણી મોટાભાઈઓ નાનાભાઈઓનું ધ્યાન રાખતા રહે તો આ ગ્રંથ છાપ્યો પ્રમાણ ગણાશે.

વસતીપત્રકનું પ્રકાશન એ તો આપણા સહિયારા પ્રયત્નનું એક માત્ર નાનું પરિણામ છે. સમય હંમેશા પરિવર્તનશીલ છે. આપણે સાથે મળીને એક કદમ મૂક્યું છે જે બીજા અનેક ઉપયોગી કાર્યો કરવાની મહેચ્છા સાથે મૂક્યું છે.

વસતીપત્રકની ઉપયોગીતા વિશે જેમ બેમત નથી, તેમ 'આપણું વસતીપત્રક સંપૂર્ણ છે' એમ પણ ક્યારેય દાવાથી કહી શકાય નહીં. કારણ કે ફોર્મ ભરાઈને આવે ત્યારથી લઈ વસતીપત્રક છપાઈને હાથમાં આવે ત્યાં સુધીમાં વિગતોની પરિસ્થિતિ બદલાતી રહેવાની જ. નવા જન્મ, મરણ, વેવિશાળ, લગ્ન, નવા સ્થળાંતરો થતાં જ રહેવાના.

વસતીપત્રકના સંકલન અને પ્રકાશનનું ભગીરથ કાર્ય પુરું થવા બદલ સમાજના સહુ કાર્યકરોનો ઉત્સાહ, ઉમંગ, જોમ અને જુસ્સો કાબિલેદાદ છે. આપણી સંસ્થા તરવરાટથી સભર આ સહુ કાર્યકરોથી ગૌરવશીલ બનેલ છે. વસતીપત્રકનું સંકલન કાર્ય ઘણો સમય માગી લે તેવું હતું. બનતા પ્રયત્ન કરીને આપણા દરેક સભ્યોની માહિતી મેળવવા પ્રયાસ થયો છે. ચાલુ છાપકામ દરમ્યાન મોડેથી મળેલા ફોર્મનો પણ આમાં સમાવેશ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં જે સભ્યો ફોર્મ ભરીને નથી મોકલી શક્યા તેઓ તેમના કુટુંબની વિગત મોકલી આપશે તો એવા ફોર્મનો સંસ્થાના રેકોર્ડમાં સમાવેશ થઈ શકશે અને આગળ ઉપયોગી બનશે. 'સમાજ દર્શન' આપને કોઈપણ પ્રકારે ઉપયોગી બનશે, તો આ ક્ષેત્રમાં કરેલી મહેનત લેખે લાગશે. વસતીપત્રકનાં પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર તમામે તમામ દાતાઓ પ્રત્યે આ તકે કૃતજ્ઞભાવ વ્યક્ત કરીએ છીએ.

આ વસતીપત્રકના પ્રકાશનની પૂર્વભૂમિકાથી લઈ પૂર્ણતા સુધીના કાર્યમાં જેમની સૂઝ અને ચોક્સાઈ ઉપયોગી બની છે તે 'વર્ડબીટ'ના શ્રી ચંદ્ર ખત્રીને અને સુંદર મુદ્રણ બદલ 'વિભુ ગ્રાફિક્સ'ને અભિનંદન.

વડવાઓની મહામૂલી દેણ જેવી, તેમની જ્ઞાતિસેવા થકી સમાજ ઉજળો બન્યો છે. આપણા વડવાઓએ રોપેલાં આંબાના મીઠા ફળ સમાજને મળી રહ્યા છે. એ વડવાઓને વંદન વારંવાર. સેવા અને સમર્પણની જે કેડી વડવાઓએ કંડારી છે તે છે અમારો પંથ. આપ સૌ જ્ઞાતિબંધુનો પ્રેમ, સાથ અને સહકાર એ અમારું પ્રેરક બળ છે. આ કેડી અને પ્રેરક બળ એ અમારી સાચી મૂડી છે અને એ જ અમારો રાહ છે. આજની પળે અમારી પાસે આથી વિશેષ કંઈ કહેવા જેવું નથી. આ વસતીપત્રકને સંપૂર્ણ બનાવવામાં અમારા સંનિષ્ઠ પ્રયાસો છતાં તેમાં કોઈ ક્ષતિ જણાય તો ઉદારદિલે દરગુજર કરશો. આખા આયોજનમાં જુદી જુદી રીતે સહયોગ આપનાર દરેકનો ફરી એકવાર આભાર.

**– માલદેવભાઈ કે. બાની, પ્રમુખ  શ્રી આહિર સેવા સમાજ, મુંબઈ**

# શ્રી આહિર સેવા સમાજ મુંબઈ - સહુના સથવારે.. પ્રગતિના પંથે..

શ્રી આહિર સેવા સમાજની સ્થાપના માનનીય શ્રી ખીમજીભાઈ કે. ડુવાના પ્રમુખસ્થાને સન ૧૯૬૪માં થયેલ. તે વખતે પણ શ્રી ખીમજીભાઈ ડુવા સમસ્ત જ્ઞાતિની એકતાના હિમાયતી હતા. તે બાબતમાં તેમણે પ્રયત્ન કરી સમસ્ત જ્ઞાતિના આગેવાનોની મિટીંગ પોતાને ઘરે રાખી સમાજની સ્થાપના કરેલ. તે સમયે આપણી જ્ઞાતિના મુંબઈમાં ૬૦થી ૬૫ ઘર હતા. તેઓએ સંપૂર્ણ હાજરી આપેલ.

આ પ્રસંગે માજી ધારાસભ્ય શ્રી અરજણભાઈ નંદાણીયા લોએજવાળાએ ખાસ હાજરી આપેલ. તે વખતે મંડળના સભ્યો મળીને કારોબારીની રચના કરી. જેમાં શ્રી બચુભાઈ જીવણભાઈ આહિર, શ્રી હીરાભાઈ નંદાણીયા, શ્રી બેચરભાઈ વાઘમશી, શ્રી નારાણભાઈ નંદાણીયા, શ્રી અરજણભાઈ વરૂ, શ્રી પુંજાભાઈ કરંગીયા તેમજ શ્રી માલદેવભાઈ બાનીનો કારોબારીમાં સમાવેશ કરીને સમાજની સ્થાપના કરેલ.

શ્રી ખીમજીભાઈ ડુવા, શ્રી બચુભાઈ આહિર તેમજ શ્રી માલદેભાઈ બાની અને શ્રી ખીમજીભાઈ સાથે સમાજમાં ફરતા. મંડળનો મુખ્ય હેતુ મુંબઈમાં સમાજની વાડી સ્થાપવાનો હતો. ઘરે ઘરે ફરી તે સમયમાં મંડળ દ્વારા રૂ.૧૫૦૦૦/-ની રકમ એકઠી કરેલ. તે વખતે આપણા સમાજના સભ્યો મુંબઈમાં ઓછા હોવાના કારણે જે ફંડની અપેક્ષા હતી તે પૂર્ણ થઈ નહીં. એ સમયમાં આપણા સમાજનો આર્થિક વિકાસ પણ જોઈએ એટલો ન હોવાથી સામાજિક વિકાસ પણ મંદ હતો પણ હિંમત અને શ્રદ્ધા પૂર્ણ હતી. તેથી શ્રી આહિર યુવક મંડળની સ્થાપના શ્રી મસરીભાઈ કે. બાનીના પ્રમુખસ્થાને કરી.

સૌ યુવાનો એકત્ર થઈને સમાજની વાડીનો સંકલ્પ કરેલ. તે વખતના યુવક મંડળમાં શ્રી વાલજીભાઈ પરડવા, શ્રી વિનુભાઈ નંદાણીયા, શ્રી હસમુખભાઈ આહિર, શ્રી કાબજીભાઈ જીંજાળા શ્રી દાનાભાઈ વાઘમશી, શ્રી ચેતનભાઈ વાણિયા, શ્રી મધુકાંતભાઈ કલસરીયા, શ્રી બાબુભાઈ લાડુમોર, શ્રી સુખદેવભાઈ ડાંગર વિગેરે સાથી કાર્યકર્તાઓના અથાગ પ્રયત્નો દ્વારા મુંબઈમાં પ્રથમ આપણા ગુજરાત આહિર સમાજના પ્રમુખ શ્રી પેથલજીભાઈ ચાવડા, શ્રી દોલુભાઈ માડમ, શ્રી જેઠાભાઈ ડેર તેમજ અન્ય આગેવાનોની હાજરીમાં બોરીવલી ખાતે શ્રી ભીખુદાન ગઢવી તેમજ સાથી કલાકારોનો ડાયરાનો પ્રોગ્રામ રાખી યુવક મંડળ દ્વારા સામાજીક તેમજ એકતાનું પ્રદર્શન કરીને આયોજન સફળ કરેલ. ડાયરામાં જે ફંડ થયેલ તેનો ઉપયોગ સમાજના કાર્યાલય માટે વસઈમાં ૨ રૂમનો ફ્લેટ લઈ મંડળે પોતાની ઈચ્છા પૂર્ણ કરી. ત્યરબાદ અવારનવાર કાર્યક્રમો થતા રહ્યા.

તો બીજી બાજુ કચ્છી આહિર યુવક મંડળ પોતાની કાર્યપદ્ધતિ વધારી રહી હતી. તેમને પણ સમાજ માટે કાંઈ કરવાની ભાવના જાગૃત થઈ. તેમણે શ્રી જખુભાઈ આહિરના પ્રમુખસ્થાને કચ્છી મચ્છોયા આહિર સમાજની સ્થાપના કરી. તેમાં શ્રી રાણાભાઈ, શ્રી તેજાભાઈ, શ્રી પ્રદીપભાઈ મ્યાત્રા, શ્રી લક્ષ્મીચંદભાઈ જરૂ તેમજ શ્રી બચુભાઈ, શ્રી ડાહ્યાભાઈ મરંડ વિગેરે સાથી કાર્યકર્તાઓ બહુ જહેમત સાથે ભાગ લઈ સમાજને આર્થિક રીતે સદ્ધર કરવા લોટરીની ટિકીટનું આયોજન કરેલ. તેમજ પ્રથમ મુંબઈ માટે કચ્છી મચ્છોયા ભાઈઓનું વસતીપત્રક બહાર પાડીને એકતાનું પ્રદર્શન કરેલ.

તો બીજી એક સંસ્થા શ્રી વાગડ આહિર યુવક મંડળ પણ પોતાની પ્રવૃત્તિ કરી રહેલ. તેમણે સમાજના વિકાસ માટે ભાઈદાસ હોલમાં શ્રી રૂદ્રાણીના મહંત શ્રી ધર્મેન્દ્રગીરીની હાજરીમાં મહેશકુમાર એન્ડ પાર્ટીનો પ્રોગ્રામ રાખેલ. પેપરમાં જાહેરાત જોઈ. આહિરભાઈનો પ્રોગ્રામ સમજીને ત્યાં કાર્યકરો ગયેલ. વાગડ આહિર યુવક મંડળના પ્રમુખશ્રી તેજાભાઈ રાધુભાઈ સાથે મુલાકાત થઈ. તેમની સાથે એકતાના વિચારોની આપલે થઈ. સંગઠનની ભાવના વધારે મજબૂત બની. મંડળના બીજા ભાઈઓ શ્રી રાણાભાઈ સોનારા, શ્રી પચાણભાઈ, શ્રી કરસનભાઈ, શ્રી ધનજીભાઈ, શ્રી નાગજીભાઈ બાળા સાથે કાર્યકરોની મુલાકાતો થઈ.

શ્રી વાગડ આહિર યુવક મંડળ આપણા ઈષ્ટદેવ શ્રી કૃષ્ણ ભગવાનના જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી દર વર્ષે મનાવતા હતા. આ સમયમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી થયેલ તેમાં આપણા જ્ઞાતિબંધુઓ ગુજરાતમાં ચુંટાઈ આવેલ. તેમનો સન્માન કરવાનો વિચાર આવેલ. ચુંટાઈ આવેલા શ્રી દેવાણંદભાઈ સોલંકી, શ્રી જશુભાઈ બારડ, શ્રી ડૉ. રણમલભાઈ વારોતરીયા, શ્રી જવાહરભાઈ ચાવડા, શ્રી નાનાભાઈ રેથલાનું વિલેપાર્લા ખાતે દબદબાપૂર્વક સમાજના બધા મંડળો તરફથી સન્માન કર્યું. આથી સહુ કાર્યકરોના ઉમંગમાં વધારો થયો. ધારાસભ્યો પણ સમાજના સામાજીક પ્રોગ્રામથી પ્રભાવિત થઈ સમસ્ત આહિર સમાજ એક થઈ એક મંચ ઉપર આવી સમાજના અધૂરા કાર્યો પૂર્ણ કરે એવી અપેક્ષા સાથે વિદાય લીધી. સમાજને ભવિષ્યમાં કાર્યો માટે વચન આપી વતનમાં વિદાય થયા.

આમ આ પ્રસંગથી બધા મંડળોમાં એકતાની ભાવના જાગૃત થઈ. બધા મંડળોની મિટીંગ શ્રી માલદેવભાઈ બાનીને ત્યાં મળી. સંપૂર્ણ સમાજ બનાવવાની બધા મંડળોએ સંમતિ દર્શાવી અને જેની પાસે ભંડોળ હોય તે સમસ્ત સમાજને આપી દેવાનું નક્કી કરી બધા મંડળોનું વિસર્જન કરી શ્રી આહિર સેવા સમાજ મુંબઈની સ્થાપના સન ૧૯૯૧માં કરી.

આ કાર્ય મુંબઈ આહિર સમાજની એકતા માટે બહુ જ અગત્યનું રહ્યું. બધા જાગૃત સભ્યોના કારણે આ શક્ય બન્યું. આજે સમાજનું સમસ્ત ગુજરાતમાં આજીવન સભ્યો બનાવવાનું અભિયાન ચાલુ છે. સમાજની એકતાની તીવ્ર ભાવનાને કારણે સન ૧૯૯૨માં સમસ્ત ગુજરાતના આગેવાન ભાઈઓને મુંબઈ આમંત્રણ આપેલ. જ્ઞાતિના આગેવાન તેમજ ડોક્ટરો તેમજ જ્ઞાતિની સંસ્થા સાથે સંકળાયેલ ભાઈઓનું શ્રી મુંબઈ સમાજ તરફથી સન્માન કરવામાં આવેલ. આર્થિક ફંડની અપેક્ષા ન હોવા છતાં ગુજરાતથી પધારેલ આગેવાન જ્ઞાતિબંધુઓએ મુંબઈ સમાજને લાખો રૂપિયાના દાન જાહેર કરી ઉમંગમાં વધારો કરીને વિદાય લીધી.

આથી સમાજની જવાબદારી વધી ગઈ. તેથી સમાજ માટે આહિર ભવનની જગ્યા લેવાનું નક્કી કર્યું. પ્રચંડ પુરૂષાર્થ કરી આર્થિક ફંડ ઊભું કર્યું. સભ્યો દ્વારા પણ ફંડ એકઠું કર્યું. આ રીતે આહિર ભવન માટે બોરીવલીમાં ૨૫૦૦૦ હજાર ફૂટની જગ્યા સંપૂર્ણ પેમેન્ટથી પ્રાપ્ત કરી સમાજનું મુખ્ય કાર્ય જમીન લેવાનું પૂર્ણ કરેલ.

આ અગાઉ જૂના મંડળનો જે ફ્લેટ વસઈ મુકામે હતો તે વેચવા માટે જ્ઞાતિબંધુઓ રૂ.૩૦૦/-માં મળે એ માટે લોટરીની ટિકીટો બહાર પાડી. એનો ડ્રો બોરીવલી મુકામે હિન્દુજા હોલમાં રાખેલ. એમાં લકી નંબર શ્રી રાણાભાઈ સોનારાને લાગેલ. ઉદારદિલના દાતા શ્રી રાણાભાઈએ ત્યારે જ જાહેરાત કરી કે ફ્લેટની જે રકમ આવશે તે સમાજ માટે વાપરશે. તેમણે શ્રી મુંબઈ સમાજને રૂ.૧,૧૧,૧૧૧/-નું દાન આપેલ. તેમજ શ્રી ભગવાનજીભાઈને રૂ.૧૧૦૦૦/- દાન આપી બાકીની રકમ ગ્રામ્યજનોના હિત માટે ગામમાં સ્મશાન બાંધી આપવાનું જાહેર કરીને સમાજને એક અનોખું ઉદાહરણ આપેલ છે. શ્રી રાણાભાઈ બોલવાનું ઓછું પણ વધારે કાર્યમાં માને છે. ઘણા સભ્યોએ જાહેરાત કરેલ કે ફ્લેટ લાગે તો દાનમાં આપવાનું પણ શ્રી રાણાભાઈ તો ફ્લેટ લાગ્યો અને તુરત જ ધીરતાપૂર્વક તેમણે મેળવેલું સમાજને ચરણે ધરી દેવાનું કામ કરી બતાવ્યું.

ત્યાર પછી આ કાર્યક્રમની અંદર વસતીપત્રકના પ્રકાશનની રજૂઆત થઈ. પ્રકાશન ખર્ચને પહોંચી વળવા માટે જાહેરખબર યોજનાની રજૂઆત થઈ. પહેલા પાના માટે શ્રી મધુકાન્તભાઈ કલસરીયાએ ૬૧૦૦૦/- રૂ. રકમ આપી. પહેલા પાનાની જાહેરાત આપી તેમજ તે પછીના પાના માટે શ્રી બાબુભાઈ સુરાએ રૂ.૫૧૦૦૦/-ની રકમ આપી. સમાજની આર્થિક આવકમાં વધારો કરવાનો ફાળો આપ્યો. આ પ્રસંગે શ્રી બાબુભાઈ સુરાની ટ્રસ્ટી તરીકે વરણી થઈ. આ રીતે વસતીપત્રક પ્રકાશન કરવાના પ્રયત્નનો આરંભ વેગવાન બન્યો.

સમાજ તરફથી દર વર્ષે જન્માષ્ટમી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. એમાં સમસ્ત આહિર સમાજ ઉત્સાહભેર ભાગ લે છે. આ પ્રસંગે આહિર ભવનમાં ભૂમિપૂજનમાં બેસવા માટે જે વધારે રકમ આપે તેનો લાભ ભૂમિપૂજનમાં બેસવા મળશે એવી જાહેરાત સાથે ઘણા જ ઉત્સાહની સાથે રૂ.૧,૬૧,૦૦૦/- જેવી માતબર રકમની જાહેરાત શ્રી પ્રવિણભાઈ ભીખાભાઈ નકુમ રાજુલાવાળા (હાલ મુંબઈ)એ કરીને ભૂમિપૂજનમાં બેસવાનો લાભ મેળવ્યો. તા.૮-૬-૧૯૯૫ના રોજે શ્રી પ્રવિણભાઈ તેમજ તેમના ધર્મપત્નીના હાથે સમાજના આહિર ભવનનું મુર્હુત થયું.

આહિર ભવનના આયોજનની રકમ અંદાજે રૂ. પાંચ કરોડ જેટલી છે. તે માટે સમાજના ભાઈઓને અપીલ કરીએ છીએ કે આપશ્રી આ કાર્ય માટે ઉદાર હાથે ફાળો આપશો. તેમજ ભૂમિદાન માટે રૂ.૫૦૦/- એક ફૂટના નક્કી કરેલ છે. તેમજ સભ્ય ફી રૂ. ૫૦૧/- આજીવન તરીકે કરેલ છે. તો ભાઈઓને લાભ લેવા વિનંતી.

